| Volume 5
| Issue 1 (compiled)
| March 2023

MAKTABAH JAFARIYAH Knowledge & Research Academy
The International Journal
ISSN 2581-4354

# મુફક્કીરે ઈસ્લામ અલ્લામા ઈકબાલ

**Shabbirhasan Ashikali kadival***

*Assistant Professor, Maktabah Jafariyah knowledge & Research Academy, Sedrana**

**પૂર્વભૂમિકા :**
જનાબ અલ્લામા ઈકબાલ એક મુસ્લમાન શાયર છે અને એમનાં લખાણ દ્વારા એ વાત યથાર્થ રીતે તારવી શકાય છે કે તેઓ એક સાચા મુસ્લમાન અને ઈસ્લામના હિતેચ્છુ શાયર છે જે પૈકી અમુક શેર આ સંસોધન પેપરમાં સામેલ કર્યા છે જે આ લેખમાં સમાવિષ્ટ છે. આમ તો શાબ્દિક રીતે જોવા જઈએ તો મુફક્કીરે ઈસ્લામનો અર્થ થાય છે ઈસ્લામ ના વિચારક અથવા હિતેચ્છું તો આ લેખમાં લેવામાં આવેલા શેર દ્વારા અલ્લામા ઈકબાલની ઈસ્લામ ધર્મ પ્રત્યેની લાગણી વ્યક્ત થાય છે જે કાફી છે કે તેઓને કોઈ દેશ કે ધર્મ મહાન શાયર તરીકેની છાપ કાયમ રાખે.
**સૂચક શબ્દો:** મુફક્કીરે ઈસ્લામ, ઈસ્લામના હિતેચ્છુ.

**સર્જક પરિચય :**
ઉર્દુ સાહિત્ય માં " શાયરે મશરિક " ," એશિયાના સૌથી મોટા શાયર " નું બિરુદ મેળવેલા મહાન ઉર્દૂ શાયર જનાબ અલ્લામા ઈકબાલ નું પુરું નામ " જનાબ અલ્લામા શેખ ડોક્ટર સર મોહંમદ ઈકબાલ" છે . આપના પિતા નું નામ શેખ નુરમોહમદ છે જેમના પુર્વજો કશમીર થી શ્યાલકોટ માં આવીને વસ્યા હતા. એશિયાના આ સૌથી મોટા શાયરનો જન્મ 9મી નવેમ્બર 1877 માં શ્યાલકોટ માં થયો હતો . જનાબ સર મોહંમદ ઈકબાલ ના જીવનમાં પહેલાથી જ શાયરીનો શોખ જોવા મળે છે. 12/13 વર્ષ ની ઉંમર થી જ નાના મોટા મુશાયરાઓમાં ઈકબાલ શાયરીઓ , નઝમો પઢતા હતા. જનાબ સર મોહંમદ ઈકબાલે લાહોર શહેર માં થતા મુશાયરામાં પોતાની એક નઝમ " નાલયે યતિમી " પઢી હતી તો એ વખતે સાંભળનાર દરેક આ નઝમ સાંભળીને રડી પડ્યા હતા અને ઈકબાલ ખુબ મશહુર થયા . જનાબ ડોક્ટર સર મોહંમદ ઈકબાલે પોતના સમગ્ર જીવન દરમિયાન ઘણાબધા વિષયો પર શાયરીઓ,નઝમો ,ગઝલો પઢી છે જેમાં ઈકબાલ ક્યારેક"મા" વિષય પર , ક્યારેક "અક્કલ ઔર દિલ" પર, ક્યારેક "હુસ્ન" વિષય પર આપે અશઆર કહ્યા છે. આ દરેક વિષય પર આપે પોતાના બહેતરીન અંદાજ માં લખ્યું છે જે અંદાજે લોકાના દિલોમાં ઈકબાલની ઈજ્જત ને વધારી દીધી છે. ઉર્દૂ સાહિત્ય ના દરેક શાયર મા પોતાના શેર રજુ કરવાની એક ખાસ અદા હોય છે જેના કારણે જે તે શાયર લોકો મા મશહુર હોય છે.એવી જ રીતે જનાબ અલ્લામા ઈકબાલ ની શાયરી વડે બે મહત્વના વિષયોને અલગ અલગ તારવી શકાય છે,

**(1) હુબ્બુલ વતન (વતન પરસ્તી)**
**(2) મુફક્કીરે ઈસ્લામ (ઈસ્લામના હિતેચ્છુ).**
આ વિષયો માંથી હું આ સંશોધન પેપર માં ઈકબાલ એક મુફક્કીરે ઈસ્લામ, ઈસ્લામ ના સાચા હિતેચ્છુ છે

આ વિષયને એમના કેટલાક શેર વડે સાબિત કરી રહ્યો છું.

જનાબ અલ્લામા ઈકબાલ એક એવા ઘરમાં પેદા થયા હતા જેમના પુર્વજો બ્રહમણ હતા અને એક સૈયદ સંત ના હાથ પર ઈમાન લાવ્યા હતા અને મુસલમાન થયા હતા અને ત્યારબાદ આપના ખાનદાન માં જે જે પણ પૈદા થયા બધા પોતાની જાતને સાચા મુસ્લમાન તરીકે સાબિત કરી બતાવ્યું અને જનાબ ઈકબાલ ના વાલિદે મોહતરમ જનાબ શેખ નુરમોહંમદ પણ પોતાના વિસ્તારના એક સૂફીસંત હતા એથી જનાબ ઈકબાલ માં પોતાના મજહબ પ્રત્યે નો જજબો પહેલાથી જ જોવા મળે છે. જનાબ અલ્લામા ઈકબાલ ની શાયરી માં પોતાના મજહબ પ્રત્યે ની ફીકર ઘણી બધી વખતે જોવા મળે છે અને માત્ર એવું જ નથી કે જનાબ ઈકબાલ ની શાયરી માં જ ફીકરે ઈસ્લામ છે એમના વર્તન માં એમના પોશાક માં એમના ખાનપાન મા એમના જીવનના દરેક ક્ષેત્રમાં એક સાચા મુસ્લમાન ની છબી ઝળકે છે.

**ઈકબાલની નઝમો વડે ઈકબાલની ફીકરે ઈસ્લામ:**

જનાબ અલ્લામા ઈકબાલ ની જીંદગી તરફ નજર કરીએ તો જાણવા મળે છે કે તેઓ 1905માં ભણવા માટે યુરોપ ગયા અને 1908માં પાછા હિન્દુસ્તાન આવી ગયા એમને ઘરે આવ્યાને લગભગ બે અઢી વર્ષ થયા હતા કે એક એવો પ્રસંગ બન્યો કે જેના કારણે ઈકબાલ ને તમામ મુસ્લમાનો અને ઈસ્લામ માટે ફીકરમંદ (હિતેચ્છુ) બનાવી દીધા . એ વખતે દુનિયામાં અમુક વિસ્તારોમાં એક ઈસ્લામિક હુકૂમત 'હુકૂમતે ઉસ્માનિયા' જે તુર્કીઓ ની હુકુમત હતી એ ચાલી રહી હતી અને આ હુકૂમત માં દીને ઈસ્લામ ની સારી તબ્લિગ પણ થઈ રહી હતી અને આ હુકુમત ના સાનિધ્યમાં ઘણી બધી નાની મોટી રિયાસતો હતી એમાંથી "બલકાનની ઈસાઈ રિયાસત" એ બગાવત કરીને હુકૂમતે ઉસ્માનિયા થી બગાવત કરી , એ જ સમયે આ તુર્કી પાસેથી "ઈટલી એ તરાબીસ" છીનવી લીધું તો આમ એક જ સમયે આ મુસ્લિમ હુકૂમત પર બે દુઃખદ પ્રસંગો આવી પડ્યા અને આ પ્રસંગોથી જનાબ ઈકબાલ સાહેબ ખુબ જ પ્રભાવિત થયા અને મુસ્લમાનોની આ હાલત જોઈને એ વખતે આપે એક ગઝલ લખી જેનું નામ આપ્યું "શિકવા" . આ ગઝલ માં આપે મુસ્લમાનોની આવી પરિસ્થિતિ ની ફરિયાદ કરી છે, કે આજે મુસ્લમાનોની કેવી પરિસ્થિતિ છે. જનાબ ઈકબાલને આ ગઝલ લખ્યે આજે કેટલો બધો સમય થઈ ગયો પરંતુ આજે પણ કોઈ આ ગઝલ "શિકવા"ને વાંચે તો એજ મુસ્લમાનોની ફરિયાદ , ફીકર, વાંચનાર ના દીલો દિમાગ પર છવાઈ જશે. થોડાક સમય પછી ઈકબાલે આ નઝમ શિકવાના જવાબ રૂપે "જવાબે શિકવા" લખી જેની અંદર જનાબ ઈકબાલે જે મુસ્લમાનોની ફરિયાદ છે એનો જવાબ આપ્યો છે આમાં ઈકબાલ અલ્લાહ તરફથી બંદાઓને માર્ગદર્શન આપી રહ્યા છે.

1914 મા ઈકબાલે એક અન્ય નઝમ લખી જેને "ફલસફએ ખૂદી" ના નામથી ઓળખવામાં આવે છે. જનાબ ઈકબાલ ની આ ફલસફએ ખુદી લખવાનો હેતુ હતો આ દુનિયામાં હઝરતે ઈન્સાન ની ભૂમિકા કેટલી મહત્વની છે , ઈન્સાન ની પરિસ્થિતિ બુલંદ કરીને બતાવી છે. જનાબ ઈકબાલ સાહેબે જોયું કે દુનિયા ના તમામ મુસ્લમાનો યુનાની પુસ્તકો જેમાં યુનાની ખયાલો , પશ્ચિમી સંસ્કૃતિકરણ થી ભરેલી છે એને અરબી માં તરજુમો કરીને એમની આ સંસ્કૃતિ ને અપનાવી લીધી છે અને પોતાનો ઈસ્લામિક અદબ, માહોલ,અખ્લાકો છોડી દીધા છે . આ યુનાની ખ્યાલો માં આ મુજબ ની વાતો હતી કે,

- ઈન્સાને ક્યાંય હાથપગ હલાવવાની જરૂર નથી બસ અલ્લાહ પર ભરોસો રાખીને બેસી રહેવું જોઈએ.

  આવા ઘણા બધા ખ્યાલો એ મુસ્લમાનો ના દિલોમાં ઘર કરી રહ્યા હતા તો જનાબ ઈકબાલે પોતાની નઝમ "ફલસફ એ ખૂદી "માં આવા તમામ પ્રકારના ખ્યાલો ની ભરપુર મુખાલેફત (વિરોધ) કર્યો છે. ઈકબાલે પોતાની આ નઝમ ફલસફ એ ખૂદી ના શેર વડે મુસ્લમાનો ની હિદાયત કરી અને ખુબ જ ફીકર કરી અને જ્યારે એમની આ નઝમ

નો અભ્યાસ કરવામાં આવે તો એવું લાગે છે કે જાણે ઈકબાલ સાહેબે પોતના શેર વડે કુરઆન શરીફ઼ ની અલમદારી કરી છે અને તમામ મુસ્લમાનો ને આ મુજબ ની હિદાયત કરી છે .

1. અય મુસ્લમાનો ! આ દુનિયામાં જે પણ પૈદા થયું છે એ તમારા માટે થયું છે.
2. અય મુસ્લમાનો ! તમારા દિલમાંથી ડર અને ખોફ઼ નીકાળી દો .
3. અય મુસ્લમાનો ! આ દુનિયામાં મુસીબત રુપી દરિયાઓ માં કુદી પડો , આફ઼તો ની લહેરો થી લડી જાવ, તકલીફ઼ો ની ચટાનો થી ટકરાઈ જાવ .
4. અય મુસ્લમાનો ! તમારી આ જીંદગી ને તમે ફુલો નો બગીચો ન સમજો તમારું જીવન એક જંગ નું મેદાન છે એની માટે હંમેશા તૈયાર રહો .

જનાબ ઈકબાલ સાહેબે પોતાની નઝમો વડે પોતાની ઈસ્લામ પ્રત્યે ની ફ઼ીકર સાબિત કરી છે .

**ઈકબાલ ની શાયરી માં મુસ્લમાનો માટે હિદાયત:-**

*હરમપાક ભી અલ્લાહ ભી કુરઆન ભી એક,*
*કુછ બડી બાત થી હોતે જો મુસ્લમાન ભી એક.*

જનાબ અલ્લામા ઈકબાલ આ શેર માં દુનિયા ભરના તમામ મુસ્લમાનો ને હિદાયત કરી રહ્યા છે. આજના સમયમાં મુસ્લમાન કેવા છે? એક અલ્લાહ ની વૈહદાનિયત ને માનવાનો દાવો તો કરે છે પરંતુ અંદરો અંદર તેઓ ક્યારેય શીઆ, સુન્ની, વહાબી , બરેલવી જેવા અલગ અલગ ફ઼ીરકાઓમા લડાઈ ઝધડા કરે છે અને એકબીજા ના દુશ્મન બની ગયા છે તો જનાબ ઈકબાલ સાહેબ તમ મુસ્લમાનો ની હિદાયત કરતા ફ઼રમાવી રહ્યા છે કે તમે અલ્લાહની ઈબાદત કરો છો તો એ અલ્લાહ વહદહુલાશરીકલહુ છે તે વાહિદ (એક)જ છે, એનો હરમપાક (પાક ઘર)પણ એક છે જેની તરફ઼ ફ઼રીને તું દિવસમાં 5 ટાઈમની નમાઝ પઢે છે, અને જે કુરઆને પાક ને પોતાની પાક કિતાબ કહો છો જે કુરઆન ની આયાતોને હિદાયત નો સ્ત્રોત કહો છો એ કુરઆન પણ એક જ છે . આમ હરમપાક , અલ્લાહ અને કુરઆન એક છે જેથી ઈસ્લામ ધર્મ ની વ્યવસ્થા એકદમ સરળ રીતે ચાલી રહી છે, માત્ર હવે જો દરેક મુસ્લમાન એક થઈ જાય તો વાત કંઈક અલગ જ થઈ જાય . દીન એક છે , જે હરમપાક માં માનો છો એ પણ એક છે, કિતાબ પણ એક છે બસ હવે મુસ્લમાનો આપસમાં એક જઈ જાય એવી શ્રેષ્ઠ હિદાયત જનાબ ઈકબાલ સાહેબે આ શેર માં કરી છે.

**ઈકબાલ ની શાયરી માં મુફ઼ક્કીરે ઈસ્લામ નો અંદાજ :-**

*યુ તો સૈયદ ભી હો, મીરઝા ભી હો, અફ઼ઘાન ભી હો*
*તુમ સભી કુછ હો બતાવો તો મુસ્લમાન ભી હો?*

જનાબ ઈકબાલ પોતાના આ શેર માં મુસ્લમાનો માટે ફ઼ીકર કરી રહ્યા છે કે મુસ્લમાન આજે કેવી પરિસ્થિતિ માં ફ઼સાઈ ગયો છે, આ મુસ્લમાન માં કોઈ પોતાની જાતને સૈયદ કહે છે કોઈ કહે છે હું તો મીરઝા છું કોઈ કહે છે અમે તો અફ઼ઘાન છીએ અમે તો આ લોકો કરતાં ઊંચા છીએ અમારી જમાત તો મુસ્લમાનો માં સૌથી શ્રેષ્ઠ સૌથી મોખરે આવે છે, આ સૈયદો કે આ મીરઝા તો આમ હોય છે એમનાથી આપણે દુશ્મની કરવી જોઈએ અથવા તો આ અફ઼ઘાનો તો જાલિમ હોય છે એમનાથી તો સંબંધ ન જ રાખવો જોઈએ એમનાથી દુર જ રહેવું જોઈએ , બીલકુલ ઈસ્લામમાં તર્બરા (દુર રહેવાનો)આદેશ આપવામાં આવ્યો છે પરંતુએ લોકોથી જે અલ્લાહ ની વૈહદાનિયત, હઝરત મોહંમદ મુસ્તુફ઼ા (સ.અ.વ.) ની રિસાલત અને એહલેબેતે મોહંમદ (હઝરત મોહંમદ મુસ્તુફ઼ા સ.ના ઘરવાળાઓ)

થી દુશ્મની રાખતો હોય , એમનાથી બેઝારી જાહેર કરતો હોય એનાથી દુર રહેવાનું નહીં કે દરેક મુસ્લમાન થી . તો જનાબ ઈકબાલ સાહેબે આ શેર વડે એજ ફીકર કરી રહ્યા છે કે તમારા માંથી કોઈક કદાચ સૈયદ છે કોઈક મીરઝા છે કોઈક અફઘાન છે , તમે બધા અલગ અલગ છો બધું મેળવી રહ્યા છો પરંતુ મને કહો કે શું તમારા માં કોઈ મુસ્લમાન પણ છે કે નહીં ? જો કોઈ સાચો મુસ્લમાન હોય તો તમારું પોતાની જાતને અલગ અલગ નામથી સાબિત કરવું યોગ્ય છે કે પછી એક સાચા મુસ્લમાન તરીકે સાબિત કરવું યોગ્ય છે આવી ફીકર ઈકબાલ આ શેર વડે કરી રહ્યા છે.

*સૌદાગરી નહીં યે ઈબાદત ખુદા કી હૈ*
*અયબેખબરજઝાકીતમન્નાભીછોડદે*

આ શેર માં ઈકબાલ મુસ્લમાનો ના હિતને ધ્યાનમાં રાખીને કહી રહ્યા છે કે અય મુસ્લમાન! તું દિવસ માં 5 ટાઈમની વાજીબ નમાઝ અદા કરે છે, દિવસ માં 5 ટાઈમ અલ્લાહ ની તરફ રજુ થાય છે એ અલ્લાહ ની બંદગી છે, અલ્લાહે તને આ દુનિયામાં મોકલ્યો, તારા માટે જીવન જરૂરિયાતની તમામ સુવિધાઓની આપી એ બદલ તું એનો શુક્રિયા માને છે , સવારે તને પથારી પરથી સજીવન હાલતમાં જગાડે છે અને તારી જીવન જરૂરિયાતની રોઝી તને આપે છે એ બદલ તું બંદગી રુપે આભાર માને એ ઈબાદત છે આ કોઈ સોદો નથી , આ કોઈ વ્યાપાર નથી , આજનો મુસ્લમાન પોતાની આ ઈબાદત ને એક પ્રકારનો સોદો સમજે છે કે હું અલ્લાહની બંદગી કરુ છું તો એ મને આની જઝા(સારું ફળ) આપશે તો એક વસ્તુ આપીને બીજાની આશા રાખવી આતો એક પ્રકારનો સોદો થયો , તું જે બંદગી કરે છે એટલું તો તને અલ્લાહે આપી જ દીધી છે અને કયામત ના દિવસે જઝા આપવી એ એના અધિકાર માં છે પરંતુ તું એના માટે જ બંદગી કરે આતો બંદગી નથી આતો એક સોદો છે , અય મુસ્લમાન! તું આવી બંદગી ન કર તું બંદગી કરીને જઝાની આશા છોડી દે , અલ્લાહ જરૂર તને આપશે .

**ઈકબાલ ની નજર માં તાલિમે ઈસ્લામ પર ફીકર :-**

*ગલા તો ઘોંટ દીયા અહલે મદ્રેસા ને તેરા*
*કહાં સે આયે સદા લા ઈલ્લાહા ઈલ્લલ્લાહ.*

જનાબ ઈકબાલ આ શેર માં મુસ્લમાનો ના તાલિમ ના સ્ત્રોત એવા મદ્રેસા ની વાત કરતા ફીકર કરી રહ્યા છે કે મુસ્લમાનો પોતાની ઓલાદની તાલિમ પર ખુબ ધ્યાન આપે છે અને એના માટે જરૂરી દરેક કામ કરે છે તો બાળકો ને તાલિમ આપવા માટે તેઓ મદ્રેસા માં મોકલે છે આજના આ મદ્રેસાઓ ની હાલત એવી બની ગઈ છે કે ત્યાં બાળકોને ઈસ્લામિક ઈલ્મ કરતા દુનિયા ની અન્ય બાબતો પર ધ્યાન વધી ગયું છે અને એકબીજા ના હરીફ બનીને આગળ વધી રહ્યા છે તાલિમ કરતા વધુ ધ્યાન એકબીજા થી આગળ વધવામાં છે અને તું આ છે , તું આને માને છે તું આ છે એ બધી બાબતો મા વધુ આગળ વધી રહ્યા છે પરંતુ જે તાલીમને દીન છે જેના માટે બાળકો તમારા દરવાજે આવ્યા છે એ બાબત તરફ તો ધ્યાન જ નથી માટે ઈકબાલ કહે છે કે આ મદ્રેસાઓ એજ આ તાલીમે દીન નુ ગળું દબાવી દીધું છે અને હવે ક્યાંથી લા ઈલ્લાહા ઈલ્લલ્લાહ ની સદા આવશે . બાળકોના દિલ પર હવે ક્યાં લાઈલ્લાહા ઈલ્લાહ ની કંઈ અસર જ બાકી છે તે બાળકો ક્યાંથી અલ્લાહ ની વૈહદાનિયત હઝરત મોહંમદ મુસ્તુફા (સ.અ.વ.) ની રિસાલત અને એહલેબેતે મોહંમદ (સ.) ની મોહબ્બત ને ઓળખી શકશે અને જો આ વસ્તુઓ ને ઓળખી જ ન શકે તો સાચા અર્થમાં મુસ્લમાન જ ન બની શકે.

**સારાંશ:**

આ સંસોધન પેપર ના અંતે હું એજ વાત સાબિત કરી રહ્યો છું કે જનાબ ઈકબાલ કે જેઓ ઉર્દૂ અદબના એક મહાન શાયર છે અને તેઓ એક સાચા મુસ્લમાન પણ હતા ,તેમને પોતાના શેર વડે , ગઝલ વડે, નઝમ વડે દીને ઈસ્લામ પત્યે પોતાની ફીકર જાહેર કરી છે અને આજના મુસલમાન ની હાલત જોઈને દુખ પણ વ્યક્ત કર્યું છે.ઉર્દુ સાહિત્ય ના અન્ય શાયરો ની જેમ બાદશાહો કે નવાબો માટે શેર કહીને પોતાની તિજોરી ભરી નથી.અલ્લાહે આપને જે સારા સારા કલામો લખવાની તાકાત આપી હતી એને પોતાના દેશ માટે અને પોતાના મુસલમાન ભાઈઓ માટે વાપરી છે,

અને એમના કલામો પરથી આ વસ્તુ સાબિત થાય છે.જનાબ અલ્લામા ઈકબાલ  મુસ્લમાનો પ્રત્યે ની હમદર્દી અને ઈસ્લામ ના સાચા હિતેચ્છુ છે અને પોતાના કલામો વડે તમામ મુસ્લમાનોની હિદાયત કરી રહ્યા છે સાથે સાથે દુનિયાના કહેવાતા મુસ્લમાનો માટે હંમેશા ફીકરમંદ (હિતેચ્છુ) છે.

**સંદર્ભ સુચી :-**

1. ''નકુશે અદબ ઉર્દુ'' લેખક- ''મેલકા એજાઝ'' પ્રકાશિત- એપ્રિલ ૧૯૮૭ ખુર્શીદ બૂક ડેપો, Lucknow -226001.
2. ''બાંગેદિરા અલ્લામા ઈકબાલ'' લેખક – પ્રોફેસર યુસુફ સલીમ ચિસ્તી ,પ્રકાશિત – સપ્ટેમ્બર Ateqad Publishing House Pvt.itd. New Delhi
3. Iqbal nama by hasrat mohani
4. Ruh-e-Iqbal by yusuf hasankhan
5. Iqbal by Majnu Gorakhpuri
6. Iqbal aur unkapaigham by dr.manzar Eajaz
7. Iqbal lea fan byGopychsnd Narang
8. https://www.rekhta.org/?lang=ur
9. http://www.allamaiqbal.com/webcont/169/inforofiqbal.htm
10. https://sco.wikipedia.org/wiki/Muhammad_Iqbal